

## @ગાંધીનગર

● શ્રીજી શ્રી ગોવર્ધનાથજીની હવેલી સેકટર-૨૧ ખાતે ચાંદીના હિંડોળા યોજાશે.

● મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત મહિલા કલ્યાણ દિવસનો કાર્યક્રમ નારી કેન્દ્ર સે-૧૨ ખાતે યોજાશે.

● સે-૨૨ જૈન દેરાસર ખાતે સવારે ૯ કલાકે અરૂણોદય સાગરસુરીશ્વરજી સુરેશભાઈ દ્વારા વિવિધ રોગોમાં નવકાર મહામંત્રનું પઠન કાર્યક્રમ યોજાશે.

● સેકટર-૧૦ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ સભાગૃહ ખાતે આજે રાષ્ટ્રીય પરિસંવાદ કાર્યક્રમ યોજાશે.

## સે-૨-સીના તેજસ્વી તારલાઓને સન્માનાશે

ગાંધીનગર, તા.૮


ગણેશ મહોત્સવના શુભ દિવસ સે-૨-સી યુવક મંડળ સંચાલિત ગણેશ ઉત્સવ સમિતિ દ્વારા ધો-૧૦ અને ધો-૧૨ના સાયન્સ, કોમર્સ અને આર્ટસ ક્ષેત્રમાં ૮૫ ટકાથી વધુ ટકા મેળવનાર વિદ્યાર્થીઓને મેડલ એનાયત કરી સન્માન કરવમાં આવનાર છે.સેકટર-૨માં રહેતા વસાહતીઓએ ૮૫ ટકા થી વધુ મેળવનાર વિદ્યાર્થીઓની માર્કશીટની નકલ અને ફોટા ૩૧મી ઓગષ્ટ સુધીમાં સેકટર-૨-સી, પ્લોટ નં. ૧૫૮૯/૧, ગણેસ ચોક ખાતે જયેશભાઈ રાવત પાસે માર્કશીટ તેમજ જરૂરી કાગળો જમા કરાવવા જણાવાયું છે. જેમાં માર્કશીટની પાછળ મેળવેલ ટકા, વિદ્યાર્થીનું સરનામું, મોબાઈલ નંબર અને સ્કુલનું નામ અવશ્ય લખવાનું રહેશે.

## યુથ હોસ્ટેલ એસોસિએશન દ્વારા શિબિર

ગાંધીનગર, તા.૮

યુથ હોસ્ટેલ યુનિટ ગાંધીનગર દ્વારા તા. ૨૧ ઓગષ્ટ થી તા. ૨૩ ઓગષ્ટ ૨૦૧૫ દરમિયાન પ્રદુષણ મુકત અને અત્યંત રમણીય સ્થળ આણંદપુર વીડી ખાતે એક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ દરમિયાન ઉંચી-નીચી ટેકરીઓના સાંનિધ્યમાં ઝરણાંના કાંઠે તંબુમાં નિવાસ, પક્ષી પરિચય, ટ્રેકીંગ, નાઈટ ટ્રેકીંગ, કેમ્પ ફાયર, કેમ્પ ગેમ્સ જેવી અનેક પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. આ સ્થળની વિશેષતા નજર પહોંચે ત્યાં સુધી ફેલાયેલું લીલું છમ્મ ઘાસ, જાત જાતના પક્ષીઓ અને સંપૂર્ણ કુદરતમય વાતાવરણ છે. ભાગ લેવા ઈચ્છતા મિત્રોએ સત્વરે ૯૪૨૬૪૦૧૭૦૧ અથવા ૯૮૯૮૫૯૦૯૭૫નો સંપર્ક સાધવા જણાવાયું છે.

## હાઈવે પરના વીજ થાંભલે રચાયો કુદરતી મહામાનવ



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

કુદરતનો કરિશ્મા પણ અજબ છે. તેની કળા કયાં અને કેવી રીતે અવનવારૂપ ધારણ કરી લે તેની કોઈને કલ્પના નથી હોતી. ચિલોડાથી હિંમતનગર તરફના નેશનલ હાઈવે નં. ૮ પર મહુન્દ્રા પાટીયા પાસે વરસાદી સીઝન બાદ ઉગી નીકળેલ જંગલી વેલ એક હાઈપર ટેન્શન વીજ લાઈનના પોલ પર એ રીતે વિકસી છે કે દૂરથી જાણે કોઈ મહામાનવ ઉભો હોય તેવું ભાસે છે.

# નભોઈ કેનાલમાં ઝંપલાવીને ચાર સંતાનોના પિતાનો આપઘાત

**મૃતકનો પોટો પાડીને પોલીસે અમદાવાદના વોટસએપ ગ્રુપમાં મોકલ્યો ત્યારે ઓળખ થઈ...!**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીકની નભોઈ નર્મદા કેનાલમાંથી આજે એક બિનવારસી યુવાનનો મૃતદેહ મળી આવતા ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ બહાર નિકાળી તપાસ શરુ કરી હતી. તેની ઓળખ થાય તેવા કોઈ જ પુરાવા મળતા ન હતાં. અંતે ઈન્ફોસીટી પીએસઆઈ સોલંકીએ મૃતકનો ફોટો પાડીને અમદાવાદ પોલીસના વોટસએપ ગ્રુપમાં મોકલતા તેની ઓળખ થઈ ગઈ હતી. વટવા પોલીસ મથકમાં તેના પરિવારજનો ગુમ થયા અંગે જાણવા જોગ આપવા ગયા હતાં.

અમદાવાદના વટવા ખાતે રહેતો અને મુળ ઉત્તરપ્રદેશનો ૪૦ વર્ષીય શ્રમિક અનિરૂધ્ધભાઈ સ્વામીનંદજી ચૌહાણ ગઈ કાલથી ઘરેથી લાપતા હતાં. ચાર સંતાનોનો પિતા અનિરૂધ્ધભાઈ ગાયબ થતાં તેના પરિવારજનો ગુમ થયા અંગે પોલીસ મથકે જાણ કરવા પણ ગયા હતાં. દરમિયાન નભોઈ કેનાલમાંથી બિનવારસી હાલતમાં મળેલા મૃતદેહને પાણીમાંથી બહાર નિકાળી ઈન્ફોસીટી પોલીસે મૃતકનો ફોટો અમદાવાદના પોલીસ ગ્રુપમાં શેર કર્યો હતો. ઓળખ થાય તે હેતુસર શેર કરેલ ફોટો કામ લાગ્યો અને મૃતકની ઓળખ થઈ ગઈ આથી પરિવારજનોને જાણ કરીને બોલાવી લીધા હતાં. યુવાને કોઈ અગમ્ય કારણોસર કેનાલમાં ઝંપલાવીને આપઘાત કરી લીધો છે. પરંતુ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. કેનાલ બહારથી સાયકલ અને ચંપલ મળ્યા હતાં. ઈન્ફોસીટી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરુ કરી છે.



મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત શહેરમાં અવનવા કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. મહિલાઓને કુટીર ઉદ્યોગ, સ્વરક્ષણ, લીડરશીપ વગેરે વિવિધ વિષયો અંગે તાલીમ આપવામાં આવી રહી છે. સેકટર-૮ની પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા આવા જ એક કાર્યક્રમમાં મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. (તસવીર : દિપક જાની)

# જિલ્લા વનમહોત્સવ ઉજવાયો

**ભાવી પેઢીની તંદુરસ્તી માટે વૃક્ષોનો ઉછેર અનિવાર્ય : મંત્રી દિલીપ ઠાકોર**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં મોટા ઈસનપુર ખાતે આજે ૬૬મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ તબક્કે શ્રમ-રોજગાર મંત્રીએ જણાવ્યું હતું કે ભાવિ પેઢીની તંદુરસ્તી માટે પર્યાવરણનું જતન કરવુ અનિવાર્ય બન્યું છે. વન વિભાગે ઉછેરેલા ૫૬ લાખ રોપાઓનું વનીકરણ કરી તેની યોગ્ય માવજત કરવા પણ તેમણે જણાવ્યું હતું. ગ્રામિણ જનતાને વૃક્ષોની ખેતી અપનાવવા પણ તેમણે હાંકલ કરી હતી.

મંત્રી દિલીપકુમાર ઠાકોરે ઔષધિય જળબુટ્ટી સમાન સામાન્ય રોગના ઈલાજ માટે અતિ ઉપયોગી એવા આર્યુવેદિક વૃક્ષોની અગત્યતાનો વિસ્તૃત ખ્યાલ આપીને ઉપસ્થિત નાગરિકોને જવાબદારીપૂર્વક વૃક્ષ ઉછેરનો મહિમા સમજાવી પોતાનું નોંધપાત્ર યોગદાન અદા કરવા જણાવ્યું હતું.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.એસ. ડાગુરે જણાવ્યું હતું કે, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધે



અને આગામી પેઢીની સુખાકારી માટે સામાજિક ચેતના જગાવવાનું કાર્ય વન મહોત્સવની ઉજવણી દ્વારા કરવામાં આવે છે ત્યારે ગુજરાત વધુ હરિયાળુ બને અને વનીકરણ દ્વારા પર્યાવરણના લાભોની સાથો સાથ રોજગારી તથા આવકના સ્ત્રોત વધે તેવા પ્રયાસો કરવા જોઈએ. ગાંધીનગરને ગ્રીનસીટી બનાવવામાં મહત્વનું યોગદાન આપનાર વન વિભાગના અધિકારી-કર્મચારીઓને તેમણે અભિનંદન આપ્યા હતા.

ગાંધીનગર વન વર્તુળના મુખ્ય વન સંરક્ષક એન.એસ. યાદવે જણાવ્યું હતું કે, ૫૦ વર્ષના મનુષ્યના જીવનકાળ દરમ્યાન માનવી રૂપિયા ૭ કરોડનો ઓક્સિજન વાપરે છે. વૃક્ષોની ખેતીએ આવકનું સ્ત્રોત વધાર્યુ છે, તેનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે, દહેગામ તાલુકાની અમરાભાઈના મુવાડા ગ્રામ પંચાયતે ખરાબાની જમીનમાં વૃક્ષો વાવીને રૂપિયા ૧૩ લાખની આવક મેળવી છે. ત્યારે વૃક્ષપ્રેમી ગ્રામીણ જનતા પોતાના ખેતરના શેઢે અને ખરાબા અને પડતર જમીનમાં ઉપયોગી વૃક્ષો વાવીને વધુ આવક મેળવી શકે છે.

ગાંધીનગર નાયબ વન સંરક્ષક કે.ટી. પરમારે સ્વાગત પ્રવચન કર્યુહતું. આ પ્રસંગે ધારાસભ્ય અશોકભાઈ પટેલ, નિવાસી અધિક કલેક્ટર વી.જી. કાલરિયા, ઈસનપુર મોટા ગામના સરપંચ રમણભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. મહાનુભાવોના હસ્તે શેઠ ભીખાભાઈ હાઈસ્કૂલના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સહાયક વન સંરક્ષક હેમંતભાઈ સુથારે કર્યુહતું. આભારવિધિ દહેગામના આર.એફ.ઓ. બી.આર. સોલંકીએ કરી હતી.

# મહિલાએ પહેરેલો ખોટો દોરો ચેઈન સ્નેચર ખેંચી ગયા...!

**સે-૩માંથી દોરો ખેંચીને બ્લ્યુ પલ્સર પર આવેલા બે શખ્સો સે-૪ તરફ ઘુસીને ફરાર થઈ ગયા : પોલીસે અને પબ્લીકે પીછો કર્યો પરંતુ હાથ ન આવ્યા**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરના સેકટર-૩માં ચાલતા જતી મહિલાને બ્લ્યુ પલ્સર બાઈક પર આવેલા બે ચેઈન સ્નેચર્સે ટાર્ગેટ બનાવી તેણીએ પહેરેલા દોરાને ખેંચીને બંને ભાગ્યા હતાં. પોલીસ અને પબ્લીકે ચેઈન સ્નેચર્સનો પીછો પણ કર્યો પરંતુ સે-૪ તરફ આંતરીક માર્ગ બાજુ વળી ગયા બાદ બંને ગાયબ થઈ ગયા હતાં. જો કે ચેઈન સ્નેચર્સને પણ ફેરો ફોગટ જ ગયો હતો કેમ કે મહિલાએ પહેરેલો દોરો ખોટો હતો...!

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના સેકટર-૩ના આંતરિક માર્ગ પરથી એક મહિલા ચાલતી જઈ રહી હતી. તે દરમિયાન બ્લ્યુ પલ્સર પર આવેલા બે શખ્સો તેણીની નજીક પહોંચ્યા અને ગળામાં હાથ મારીને પહેરેલો દોરો આંચકીને ભાગ્યા હતાં. બાઈક પાછળ બેઠેલા શખ્સે કપડાથી નંબર પ્લેટ ઢાંકી રાખી હતી. મહિલાએ ચેઈન સ્નેચર્સને પકડવા બુમો પાડી એટલે આસપાસથી વસાહતીઓ દોડી આવ્યા હતા. પોલીસને જાણ કરતા પોલીસ પણ તાત્કાલિક પહોંચી ગઈ હતી અને શહેરને ફરતે નાકાબંધી કરી દીધી હતી. જો કે પબ્લીક અને પોલીસે બંને શખ્સોનો પીછો કરવા છતાં હાથમાં લાગ્યા ન હતાં. સેકટર-૪ના આંતરીક માર્ગોમાં ઘુસી ગયા બાદ બંને શખ્સો ગાયબ થઈ ગયા હતાં. મહિલાએ પહેરેલો દોરો પણ નકલી હોવાથી પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

## વાતવાતમાં

● આજે વહેલી સવારે પથિકાશ્રમ પાસેના ઘ-૩ સર્કલની સાફ સફાઈ કરવામાં આવી હતી. સફાઈ કર્મચારીઓએ સર્કલની અંદરના ઝાડી-ઝાંખરા વગેરે હટાવી સુંદર સફાઈ કાર્ય કર્યુ હતું.

● આજે સે-૧૧ મુખ્ય પોસ્ટઓફિસ સામે ઘ માર્ગ પર ત્રણ ચાઈનીઝ પર્યટક જેમાં એક પુરુષ અને બે મહિલાનો સમાવેશ થાય છે તેઓ એક રીક્ષા ચાલક સાથે ભાડાંની પતાવટ કરતા હતા. ભાષાની મુશ્કેલીના કારણે રીક્ષા ચાલક અને પર્યટકો વચ્ચેની આ રકઝક આશરે ૧૫ થી ૨૦ મિનિટ ચાલી હતી.

● ગઈ કાલે સે-૭-સીમાં એક બાઈક સવાર પર વાંદરો કૂદતા તે પડી જવા પામ્યો હતો. બાઈક સવારને થોડી ઘણી ઈજાઓ થવાથી ત્યાં એકઠા થયેલા નગરજનો તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતાં.

● થોડાક દિવસ પૂર્વે પેથાપુરની પોસ્ટ ઓફિસના ટપાલીને પ્રમોશન મળતા તેમની અન્યત્ર બદલી થવા પામી છે. તેમના સ્થાને અન્ય કર્મચારીની વ્યવસ્થા હજુ ગોઠવાઈ ના હોવાથી અત્યારે તો નાગરિકોને ટપાલ સમયસર મળતી નથી જેથી રોષની લાગણી ફેલાવા પામી છે.

**- સમીર રામી**
**9924446645**

# સેક્ટર-૨ ૩માં ખુલ્લી વીજ ડીપીને અડકી જતાં શ્રમજીવી પરિવારે લાડકવાયો ખોયો

**રવિવારે ગીલ્લી-દંડો રમતા ગીલ્લી લેવા ગયેલ વનરાજ કુતુહલવશ વીજડીપીમાં નજર કરવા ગયો અને વીજ કરંટનો ભોગ બન્યો : આજે ૪૦ જેટલા શ્રમજીવીઓએ ટોરેન્ટ કંપનીની ઓફિસે મૌન પ્રદર્શન કરી આર્થિક વળતરની માંગ કરી : રજા પર ગયેલા કંપનીના મેનેજરે ફોન દ્વારા મંગળવારે વળતર બાબતે નિર્ણય લેવાની હૈયાધારણ આપી**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના સે. ૨૩માં કડી કેમ્પસ પાછળના ખુલ્લા મેદાનમાં વીજકરંટ લાગવાથી તા. ૨જી ઓગષ્ટે કમકમાટીપૂર્ણ મોત નીપજ્યું હતું. આજે આ ઘટનાના પ્રત્યાઘાત ગુમાવનાર પરિવારને આર્થિક વળતર આપવાની માંગ સાથે મૌન ધારણ કરી રજુઆત કરી હતી. ટોરેન્ટ કંપનીના સવારે ૧૦ વાગે વળતર બાબતે મળવા બોલાવ્યા છે તેવું જણાવી રવાના કર્યા હતા. જી/૦/૨૩/૦૮૮ નું બારણું ઘણા સમયથી ખુલ્લું રહી જવા પામ્યું હતું. ગત તા. ૨જી ઓગષ્ટ રવિવારે એક વીજ ડીપી ખુલ્લી હોવાના કારણે નજીકમાં રહેતા શ્રમજીવી પરિવારના આશાસ્પદ પુત્ર વનરાજ દંતાણીનું રૂપે આશરે ૪૦ શ્રમજીવીઓએ ટોરન્ટ પાવર કંપની ખાતે કંપનીની બેદરકારીના કારણે બાળક મેનેજર આજે રજા ઉપર હોવાથી ફરજ પરના ઈન્ચાર્જ અધિકારીએ મેનેજર સાથે ફોન પર વાત કરી આ શ્રમજીવીઓને ફરીથી મંગળવારે સે. ૨૩ કડી શિક્ષણ સંકુલના કુમાર છાત્રાલયની કંપાઉન્ડ વોલની બહારની બાજુએ ખૂણા પર જાહેર માર્ગ પર મુકાયેલ વીજ ડીપી બોક્સને સાંજના ૪ વાગ્યાના સુમારે નજીકના મેદાનમાં પાસે આવેલ ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવીઓના કેટલાક

● અનુસંધાન પાન-૭ પર

## વનરાજ ભણવામાં ખૂબ તેજસ્વી હતો

મૃતક બાળક વનરાજ સે. ૨૮ની પ્રાથમિક શાળા નં. ૨માં ધોરણ-૪માં અભ્યાસ કરતો હતો અને ભણવામાં ખુબજ તેજસ્વી હતો. તેનું રીઝલ્ટ હંમેશા ૮૦ થી ૯૦ ટકા સુધીનું આવતુ હતુ. આ શાળાના આચાર્ય રીટાબેન સહિત એસટીપીવર્ગના ઉષાબેન મહેતા, દક્ષાબેન અને અન્ય શિક્ષક ગણને સમાચાર મળતા આઘાતની લાગણી થઈ હતી અને તેમણે મૃતકના ઘરે રૂબરૂ જઈ તેના માતા-પિતા સમક્ષ હોનહાર દિકરાને ગુમાવ્યાંનો અફસોસ પણ વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે મૃતક બાળક જ્યાં રહેતો હતો તે ઝુંપડપટ્ટીમાં દર રવિવારે કડી શિક્ષણ સંકુલના કેટલાક અધ્યાબકો દ્વારા ડૉ. સોમભાઈના માર્ગદર્શનમાં નિઃશુલ્ક 'અક્ષરજ્ઞાન' વર્ગો ચલાવવામાં આવે છે. મૃતક વનરાજ આ વર્ગનો પણ નિયમિત અને હોંશિયાર વિદ્યાર્થી હતો તેથી આ અધ્યાપકગણમાં પણ ઘેરા શોકની લાગણી ફેલાવા પામી છે.



(તસવીર : દિપક જાની)

# ગૃહીણીઓમાં કઠોળ મોંઘા શાકભાજીનું પર્યાય બન્યું

ગાંધીનગર, તા.૮

ઉત્તમ આહાર ગણાતું કઠોળ ગૃહીણીઓમાં હાલ આવકાર્ય બન્યું છે. ભારે વરસાદ થકી શાકભાજીનો પાક બગડી ગયો હોવાનું કારણ દર્શાવી મોંઘા થઈ જતા શાકભાજી ગૃહીણીઓ માટે માથાનો દુઃખાવો બન્યા છે. શાકભાજીના અનિયંત્રીત ભાવોથી ગૃહીણીઓના બજેટ ખોરવાયેલાં જ રહે છે. જેથી સ્વાસ્થ્ય માટે શ્રેષ્ઠ અને શાકભાજી કરતા સસ્તા પડતા કઠોળની ખરીદી તરફ ગૃહીણીઓ વળી ગઈ છે. જો કે પૂરતા પ્રમાણમાં શાકભાજીનો જથ્થો બજારમાં ઠલવાઈ રહ્યો હોવાની હૈયા વરાળ ગૃહીણીઓ કાઢી રહી છે.

મધ્યમ અને ગરીબ વર્ગ બે ટંક શાક અને રોટલી ખાઈ પોતાના પેટનો ખાડો પૂરવા મથે છે ત્યારે શાકભાજીના ભાવોમાં થયેલા તોતીંગ વધારા એ થાળીમાંથી શાક દુર થઈ જાય તેવી સ્થિતિ પેદા કરી છે. ગ્રામ્ય વિસ્તારોમાં મબલખ શાકભાજીનું ઉત્પાદન થાય છે પરંતુ સ્થાનિક છુટક અને જથ્થાબંધ વેપારીઓએ ભારે વરસાદમાં પાક ધોવાઈ ગયો હોવાનું કારણ આગળ ધરી શાકભાજીના ભાવોમાં રાતોરાત વધારો કરી દઈ જંગી નફો રળી રહ્યા છે. જેથી સતત શાકભાજીમાં થઈ રહેલા પ્રકારના ઉતાર-ચઢાવથી, ગૃહીણીઓ માનસિક રીતે ત્રસ્ત બની ગઈ છે એટલે શાકભાજીના બદલે કઠોળ, અથાણુ વગેરેને અપનાવી લીધુ છે.



**છાશવારે કારણો ઉભા કરી મોંઘા કરાતા શાકભાજીથી કંટાળેલી ગૃહીણીઓ**



શાકભાજીના વેપારીઓના મનસ્વીપણા સામે ગૃહીણીઓએ પણ પોતાના બજેટ અનુરૂપ જ ભોજનની વ્યવસ્થા હાથ ધરી છે. પ્રજાને કોઈ પણ કારણો આપી લુંટતા વેપારીઓ સામે પુરવઠા તંત્રએ જાગૃતતા કેળવવી અનિવાર્ય બની હોય તેવું લાગી રહ્યું છે. વધુમાં હાલ પણ શાકભાજીનો જથ્થો પૂરતા પ્રમાણમાં જ આવી રહ્યો હોવાનું જણાય છે. ત્યારે ભાવ વધુ લઈ જંગી નફો રળવા જ આ પ્રવૃત્તિ થતી હોવાનું ગૃહીણીઓ જણાવી રહી છે. તો બીજી તરફ કઠોળ એ પોષણ યુકત, પચવામાં હલકા અને તંદુરસ્તી માટે શ્રેષ્ઠ હોવાથી ગૃહીણીઓ કઠોળની ખરીદી કરી રહી છે અને ચોમાસાની ઋતુમાં કઠોળ સાથેનું ભોજન ઉત્તમ પણ ગણાય છે જેથી મોંઘા શાકભાજીનો કઠોળ પર્યાય બન્યું છે.

(તસવીર : નટુભાઈ પટેલ)

# મહર્ષિ અરવિંદ જયંતિએ જાહેર પ્રવચનનું આયોજન

ગાંધીનગર, તા.૮

શહેરના સેકટર-૨૩માં આવેલ અરવિંદ કેન્દ્ર ખાતે અરવિંદના જન્મ દિવસ નિમિત્તે જાહેર પ્રવચન યોજવામાં આવ્યુંછે. તા. ૧૫મી ઓગષ્ટને શનિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ દરમિયાન સાધક કિરીટભાઈ ઠક્કરના પુસ્તક 'સાવિત્રી શબ્દામૃત ગ્રંથ-૫'નું માતાજીના ચરણોમાં અર્પણ વિધી અને ધ્યાન તેમજ પ્રાર્થના કરવામાં આવશે. જયોતિબેન થાનકી અને કીરીટભાઈ ઠક્કર દ્વારા જાહેર પ્રવચન અપાશે. જયારે સેકટર-૧૫ સરકારી વાણિજય કોલેજ ખાતે સાંજે ૪.૩૦ થી ૭.૩૦ કલાકે સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા નૃત્ય અને સંગીતનો કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવશે. આ કાર્યક્રમમાં નગરજનોને ઉપસ્થિત રહેવા સંસ્થાના ચેરમેન ડૉ. સી.કે. તન્નાએ જણાવેલ છે.

## ચિરવિદાય

- ભગવાનભાઈ કુબેરભાઈ શ્રીમાળી, ઉ.વ.૬૧, એમ/૧૦/૧૧૫, શિવમ એપાર્ટમેન્ટ, સે-૨૬, ગાંધીનગર.
- માર્કન્ડરાય શાંતિલાલ ઉપાધ્યાય, ઉ.વ.૬૫, પ્લોટ નં. ૧૭૫/૧, સે-૬, ગાંધીનગર.
- વિરેન્દ્રકુમાર રતિલાલ જોષી, ઉ.વ.૫૯, ટાઈપ-૩, બ્લોક નં. ૧૬/૬, જીઈબી કોલોની, ગાંધીનગર.